DIVYA BHASKAR, Vadodara, 27.8.2019
Page No. 9, Size:(16.79)cms X (12.42)cms.

### જંત્રીમાં વિસંગતતાઓને કારણે ખેડૂતો જમીન આપતા નથી

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે સરકારે 40 ગામોમાં જંત્રી સુધારવી પડશે

## સરકારે દ. ગુજરાતના ધારાસભ્યો અને ખેડૂતોની બેઠક બોલાવી

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

અમદાવાદ- મુંબઇ વચ્ચે હાઇસ્પીડ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે દક્ષિણ ગુજરાતમાં ખેડૂતોના વિરોધને કારણે જમીન સંપાદન અટકી પડ્યું છે જેને લઈને પ્રોજેક્ટમાં વિલંબ થઇ રહ્યો છે. જંત્રીની વિસંગતતાને કારણે 4 જિલ્લાના 40 જેટલા ગામોના ખેડૂતો દ્વારા જમીન આપવાનો ઇન્કાર કરવામાં આવતા આખરે સરકારને હવે જંત્રીમાં સુધારો કરવો પડે તેવી સ્થિતિ છે.

ભરૂચ, સુરત, વલસાડ અને નવસારી જિલ્લાના 40 જેટલા ગામમાં જમીન સંપાદન સામે થઇ રહેલા વિરોધને પગલે મહેસૂલ મંત્રી કૌશિક પટેલના અધ્યક્ષસ્થાને બુલેટ ટ્રેન પ્રોજેક્ટના અધિકારીઓ, ખેડૂત આગેવાનોની બેઠક યોજાઇ હતી. જેમાં વન મંત્રી ગણપત વસાવા, સામાજિક ન્યાય મંત્રી ઈશ્વર પરમાર ઉપરાંત આ 4 જિલ્લાના ધારાસભ્યો પણ હાજર રહ્યા હતા. ખેડૂતોની મૂળ રજૂઆત એવી છે કે આસપાસમાં જ એકબીજાને અડીને આવેલા ગામોમાં પણ જંત્રીના દર અલગ અલગ આકારવામાં આવ્યા છે. જેને કારણે આ ગામોના ખેડૂતોને આર્થિક નુકસાન જાય તેમ છે.